# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૩ ● સળંગ અંક : ૧૨૬ ● તા.૦૭ થી ૧૩ નવેમ્બર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## મુક જ્ઞાતિસેવક, સમાજપ્રેમી અને સમસ્ત મહાજનના ટ્રસ્ટી લેરીનભાઈ ખોના


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# મૌન એટલે અવ્યક્ત ભાષા

અનુભવીઓએ જણાવે છે કે મૌન રહેવાથી અદ્ભૂતિ શક્તિ સંચય થાય છે. જ્યારે મૌન રહીએ છીએ ત્યારે વિચારવાનું બંધ કરતાં નથી. માત્ર વાણીને વાચાને પ્રગટ કરવાનું બંધ કરીએ છીએ. એટલે વાચા વિલાસથી જે શક્તિનો વ્યય થાય છે તે આંતરિક રીતે શક્તિ સંચિત કરે છે. આમ મૌન રાખવાથી આંતરિક તાકત વધે છે. ઘણા લોકો દર અઠવાડિયે એક દિવસ મૌન વ્રત ધારણ કરે છે, તો કોઈ વાર તહેવાર પ્રસંગે દાતઃ નવરાત્રિના દિવસોમાં ઉપવાસ સાધના કરતાં મૌનવ્રત ગ્રહણ કરે છે. તો જૈન ધર્મી પર્યુષણ પર્વમાં તપ ધર્મ આરાધના સાથે મૌન વ્રત ધારણ કરી અંતર તપોબળ વધારી ઉર્જાનું સંચય કરે છે. મૌન રહેવું એ તપ કે સાધના કરવા બરાબર છે. ઉપવાસમાં જેમ આહારની બંધી છે એમ મૌન એ વ્યય વાણી વિલાસ માટેનો પ્રતિબંધ છે. જે અંતરમન માટે સફાઈનું કામ કરે છે.

મૌનની વિશેષતા બતાવતી એક ઊક્તિ છે 'નવ બોલવામાં નવ ગુણ' એની વિરૂધાર્થી કહેવત છે, 'બોલે એના બોર વહેંચાય.' સતત બોલ બોલ સાંભળવાથી જેમ માનસિક ત્રાસ થાય છે. મગજની કમાન છટકી જાય એવી પરિસ્થિતિ સર્જાય છે. ત્યારે સતત મૌન, નિરવ શાંતિ અને એકાંતથી સર્જન પ્રક્રિયાનો માહોલ મળે છે. જેમાં એકચિતથી સર્જન શક્તિ મળે છે, કૃતિ સર્જવા માટેની પ્રેરણા મળે છે. બેફામ બોલવું, બેધડક બોલવું ગમે તેમ બોલવું, નાના મોટાની આમન્યા જાળવ્યા વગર બોલવું એ નુકસાન તો કરાવે છે. સાથે સાથે ક્લેશ વેરઝેર સર્જે છે. એટલે વાણી પર અંકુશનું કામ મૌન કરે છે. મૌન એ વાણી માટેનું સ્પીડ બ્રેકર છે. જેના લીધે ગતિ અવરોધ સર્જાય છે અને વાણી વિલાસ ન થાય એનો આપણને ભાન કરાવે છે.

જીવન વ્યવહારમાં ઘણા પ્રસંગો એવા હોય છે. જ્યાં બોલવા કરતાં ન બોલવામાં લાભ સમાયેલો હોય છે. ન બોલવાથી ઘણીવાર મોટી નુકસાનીમાંથી બચી જવાય છે. બેધડક બોલવાથી સામેવાળી વ્યક્તિને આવેશ આવે ઉશ્કેરાટ થાય, મતભેદ થાય કે ઉગ્રવાદ વિવાદ પણ થાય છે. જે ન બોલવાથી માત્ર મૌન રહેવાથી આવી પરિસ્થિતિ સર્જતી અટકે છે. તે છતાં એ પણ હકીકત છે કે જ્યાં બોલવાનું હોય ત્યાં ચૂપ રહેવાથી પણ નુકસાન થાય છે, આપણું કાં તો સામેવાળાનું. માટે જ માપસર બોલવું, માફકસર બોલવું અને સમય સંજોગોનો તકાદો સમજી વાણીનો વ્યય કરવું એ ઉત્તમ વ્યવહારની કૂંચી બની રહે છે.

અંતમાં એટલું જ કહેવાનું રહ્યું કે મૌન એક અસરકાર ભાષા માત્ર નથી એક અવ્યક્ત ભાષા છે અને અક્સીર જીવન વ્યવહારનું ઉત્તમ માધ્યમ છે. સુમેળ-સંકલન કરી આપતું સાધન છે. તે એક તપ સાધના સાથે જીવન ઉન્નતિ માટેનો ઉત્તમ ઉપાય છે. મૌન એ મનની સાથે મનની ઉર્જા સ્તોત્રનું સર્જન કરતું ઉત્તમ સાધન છે, સર્જન છે.

જય જ્ઞાતિમૈયા

# જ્ઞાન પ્રાપ્તિની તરસ સદાય અતૃપ્ત રહેવી જોઈએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માત્ર ડિગ્રી મેળવી લીધી એટલે બધે બધું જ્ઞાન મળી ગયું એવું નથી હોતું. જ્ઞાન સાથે અનુભવ ભળે તો હજી વધુ ઊંચે ચડાય. દરેક પાસેથી કંઈ ને કંઈ શીખવાનું, સમજવાનું હોય છે. અભણ અને અજ્ઞાની માણસની આવડતનું બારીકાઈથી નિરીક્ષણ કરીએ તો એમાંથી પણ કંઈ નવું જાણવા, સમજવા મળી જાય. જ્ઞાનીને અનુભવી વ્યક્તિ પણ અન્ય પાસેથી જ્ઞાન ગ્રહણ કરી પોતાનું જ્ઞાન ભંડોળ વધુ છલોછલ કરી શકે છે. જ્યાં સુધી આપણું અસ્તિત્વ રહે ત્યાં સુધી નવું નવું શીખવાની ધગશ જીવતી રહેવી જોઈએ, ધગધગતી રહેવી જોઈએ. માણસની અંદર રહેલી કુતુહલતા સમાપ્ત થઈ જાય ત્યારે જ્ઞાનનો, કુશળતાનો ગુણ સ્થિર થઈ જાય છે, બંધિયાર થઈ જાય છે.

નાનું બાળક બોલી, ચાલી શકતું ન હોય પણ સદાય કુતુહલ સાથે જીવતું હોય છે. કોઈ નવી વસ્તુ જુએ કે ઘૂંટણિયા ઘસીને એને પકડવા પહોંચી જાય છે. આમ નવી વસ્તુ પ્રાપ્ત કરવાની ખેવના બાળપણથી રોપાયેલી હોય છે. તેને મોટી ઉંમર થવા છતાં શમાવી દેવી ન જોઈએ.

કશું જ આવડતું નથી એ અવસ્થા જાળવી નવું શીખવાની આગને સતત પ્રજ્વલિત રાખવી જોઈએ. ટીમવર્કનો હિસ્સો બનનારએ કોઈ ટીમ મેમ્બરના ક્રીએટિવ વિચાર જો સારા રચનાત્મક અને લોજિકલ ધરાવતા હોય તો એ સ્વીકારવા જોઈએ અને એ વિચાર રજૂ કરનારને શાબાશી પણ આપીને તેને પ્રોત્સાહિત કરી તેનો ઉત્સાહ વધારવો જોઈએ.

મને બધું જ આવડે છે. એવું એમ.બી.એ. કહેવાતું પોપટ વાક્યના ગુલામ બન્યા વગર નાના બાળકથી મોટા વડીલના જ્ઞાન, અનુભવ અને વિચાર તારણોમાંથી કંઈ જાણવા, સમજવાની તત્પરતા હજી વધને વધુ આગળ વધારે છે. આ પ્રગતિનો પથ સૌએ એકધારો જાળવવો જોઈએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમાજપ્રેમી અને સમસ્ત મહાજનના ટ્રસ્ટી લેરીનભાઈ ખોનાનું અકાળે દેહાવસાન









સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી મૂળ સુજાપર તા.અબડાસા હાલે પવઈના શ્રી લેરીનભાઈ વર્ધમાન ખોનાનું ઉ.વ.૬૪ તા.૬ નવેમ્બર શુક્રવાર રોજે દેહાવસાન થયું. સરળ સ્વભાવ અને સમાજ કાર્ય માટે સદાય તત્પર રહેનાર વ્યક્તિ હતા. પવઈ અચલગચ્છ જૈન સંઘની શરૂઆતથી વર્ષ ૨૦૧૯ સુધી સતત ત્રણ દાયકા સુધી ટ્રસ્ટીપદે રહ્યા હતા. વતન ગામ સુજાપુરના દેરાસર ધરતીકંપને કારણે જર્જરિત થઈ જતાં નૂતન જિનાલય માટે અગ્રભાગ આપ્યો હતો. આ સંઘમાં વર્ષ ૨00૩ થી ૧૭ વર્ષ સુધી મેનેજીંગ ટ્રસ્ટી રૂપે અખંડ સેવા આપી રહ્યા હતા.

શ્રી લેરીન ખોના જ્ઞાતિના એવા મૂકસેવક હતા. જે પડદા પાછળ રહી જ્ઞાતિની દરેક નાની મોટી પ્રવૃત્તિઓની નોંધ રાખતા અને જ્ઞાતિહિતની પ્રવૃત્તિઓને તન-મન-ધનથી ટેકો આપતા હતા.

સમસ્ત મહાજન ટ્રસ્ટી પદે તેઓ અસીમ યોગદાન આપ્યું હતું. ચતુર્થ જ્ઞાતિ સંમેલનના આયોજનમાં દરેક રીતે સિંહફાળો આપ્યો હતો. નાના કાર્યકરથી લઈને મોટા શ્રેષ્ઠી સાથે તેઓ મિલનસાર રીતે પોતાના વિચાર રજૂ કરતા ઉદાર દિલ અને સમયની જરૂરિયાત પ્રમાણે વિવિધ સેવા પ્રવૃત્તિઓનો લાભ જ્ઞાતિજનોને મળતો રહે તેના આગ્રહી હતા. સમસ્ત મહાજનની દરેક પ્રવૃત્તિઓ, દરેક સમિતિઓની કાર્ય યોજનાઓ માટે મુક્ત વિચાર અભિપ્રાય આપી કાર્યકરોનો ઉત્સાહ વધારતા હતા. તન-મન અને ધનથી ઘસાઈને ઉજળા થનારા શ્રી લેરીનભાઈ ખોનાના અકાળ અવસાનની ખોટ જ્ઞાતિને અખૂટ રહેશે.

અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ ટ્રસ્ટમાં બે ટર્મ સુધી ટ્રસ્ટી પદે સંભાળ્યું હતું. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમાજપ્રેમી અને સમસ્ત મહાજનના ટ્રસ્ટી લેરીનભાઈ ખોનાનું અકાળે દેહાવસાન





મુંબઈમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૦ની ટર્મ દરમ્યાન દ્વિતીય ઉપપ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યું હતું અને માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગના મેનેજીંગ ટ્રસ્ટી રહ્યા હતા. એમની ફરજ કાર્ય ટર્મ દરમ્યાન મહિલા ગૃહઉદ્યોગના વેચાણમાં અવિરત વૃધ્ધિ થઈ હતી અને અત્રેની શ્રમિક સેવિકાઓને પાંચ વર્ષ દરમ્યાન પાલીતાણા, સમેતશિખર, કચ્છ પંચતીર્થી, મહારાષ્ટ્રની તીર્થ યાત્રા મળી સાત યાત્રા ટ્રીપ યાદગાર રીતે કરાવી હતી એ સૌ માટે સ્નેહભર્યું સંભારણું થઈ રહ્યું હતું. આ ઉપરાંત ગૃહ ઉદ્યોગની સેવિકાઓને એફડી ફંડ, બોનસ વિગેરેનો લાભ અપાવી તેઓએ મહિલા ઉદ્યોગ પ્રત્યે ઋણ અદા કરી વળતર આપવા માટે મોટી ભૂમિકા આપી હતી.

ઉદારદિલ, સમાજપ્રેમી અને જ્ઞાતિજનોના ઉત્કર્ષ કાર્ય માટે સદૈવ અગ્ર રહેનારા લેરીનભાઈના અચાનક અવસાન પ્રત્યે શોક પ્રગટ કરી સમસ્ત મહાજન સાથોસાથ સકળ જ્ઞાતિને ખોટ પડી હોવાનું સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડે શોક વ્યક્ત કરી પરિવારજનોને દિલોસોજી આપી હતી અને સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ મળે એ સૌ વતી પ્રાર્થના કરી હતી.







# સંજીવની કેસ નં.૩૩ માટે રૂા.૮૫ હજાર મદદ માટે અપીલ

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 33**

## DONATION NEEDED!

## Shri Gautam Khetshi Lalka

**Age 49, Dombivali, Kutch - Varapadhar**

**Admitted in KARWA Hospital in emergency due to Heart Attack (Acute Myocardial Infarct) on 3rd November. Currently under ICU Care.**







**DONATION REQUIRED**

**Rs.85,000**

**Bank Details:**
Name: **Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan**
Bank : **Dena Bank** Branch : **Mulund (West)**
**S. A/C. No. 009410031785**
**IFSC code. : BKDN0460094**

For Live Donations on Sanjivani App
pls contact: **+91 90990 41414**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414**

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની ઉતમ અને અદ્‌ભૂત યોજના જે સામાન્ય જ્ઞાતિજનો અણધારી રીતે રોગ ગ્રસ્ત બને છે. તેમને માટે હાથ અને સાથ મળી રહે એવી યોજના અત્યાર સુધી સર્વાંગી સફળતાને વરી છે.

ગૌતમ ખેતશી લાલકા ઉ.વ.૪૯ વાડાપધ્ધર-ડોંબિવલીના જ્ઞાતિજનને તા.૨ નવેમ્બરના હાર્ટ એટેકનો હુમલો આવવાથી મધરાત સમયે તાત્કાલિક કારવા હોસ્પિટલના આઈસીયુમાં ભરતી કરવામાં આવ્યા છે. તેઓ એસ્ટેટ એજન્ટનું કાર્ય કરે છે. પરિવારમાં માતા, ભાઈ અને તેમનો ફેમિલી છે. લોકડાઉન અસરથી તેમની વ્યાપારિક પ્રવૃત્તિ ઠપ છે. ફ્રેક્ચર સર્જરીને લીધે સપ્ટેમ્બરથી તેઓ બેડ રેસ્ટ પર હતા અને આ અણ ચિંતવી આપદાથી ગ્રસ્ત થઈ ગયા છે. તેમની સારવાર માટે રૂા.૮૫ હજારની ટહેલ તેઓએ મેડિકલ સમિતિ પાસે કરી છે.

સમય સંજોગો અને પરિસ્થિતિને જાણી આપણે ગૌતમભાઈને વહેલી તકે મદદ પહોંચાડી આપણો માનવ ધર્મ દીપાવીએ એ અરજ મેડિકલ સમિતિ કરે છે.


આવો આ દિવાળીની જગમગ રોશનીમાં આપના વ્યાપારને
નવચૈતન્ય આપી વધુ ગતીશીલ બનાવીયે.
આપના માટે એક અમૂલ્ય અવસર છે.
જે પણ મેમ્બર કેડીઓ બીટુબી ફેસબુક ગ્રુપમાં ૫૦ કેડીઓ
મેમ્બરને આમન્ત્રિત કરી એડ કરાવશો એ મેમ્બર માટે
૭/૧૧/૨૦૨૦ થી ૧૧/૧૧/૨૦૨૦ સુધીમાં
રોજ ૧ પોસ્ટ કરવાની તક ઓપન રહેશે.
KDO BUSINESS
Light-up your Business
this Diwali by Advertising Daily
1 post to FB Group of KDO B2B.
Invite atleast 50 KDO Members to
KDO B2B Facebook Group to post
daily 1 Advt from 7th to 11th Nov.
KDO B2B Committee of Samast Mahajan
www.fb.com/groups/kdob2b

# શ્રધ્ધાંજલિ સુમન, સ્મરણાંજલિ



## સ્વ. લેરિન વર્ધમાન ખોના

**ગામ : સુજાપુર, હાલે - પવઈ**

**(૧૯૫૬-૨૦૨૦) (૬૪ વર્ષ)**

સદાય હસમુખ મુખારવિંદ, સાદગી સભર જીવનશૈલી,
જ્ઞાતિ તથા વિવિધ સંઘોમાં સેવાર્થે આપનું યોગદાન
સદાય સ્મરણ પટ પર રહેશે

**શ્રી લેરિનભાઈની અણધારી વિદાયથી સમાજે, કાબેલ, હોશિયાર, તન-મન-ધનથી સેવા કરનાર એક વ્યક્તિ વિશેષને ખોયેલ છે. કચ્છ સુજાપુરના આધારસ્તંભ અને અમારા સાથી એવા શ્રી લેરિનભાઈની ખોટ સદાય સાલશે, પ્રભુ એમના આત્માને પરમ શાંતિ તથા મોક્ષગામી બનાવે અને પરિવાર તથા સ્નેહીજનોને દુખદ પળોને સહન કરવાની શક્તિ બક્ષે એવી હાર્દિક પ્રાર્થના.**

**આપની યાદમાં....**

**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, (૨૦૧૫-૨૦૨૦) અધિકારીઓ**

• શ્રી કલ્પેશ માણેકજી મોતા • શ્રી મુકુંદ મણિલાલ મોમાયા,
• શ્રી રમેશ હીરજી લોડાયા • શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા,
• શ્રી અતુલ ડુંગરશી ધરમશી તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો

**શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડસ ટ્રસ્ટીઓ (૨૦૧૫-૨૦૨૦)**

• શ્રી કલ્પેશ માણેકજી મોતા• શ્રી હેમરાજ મેઘજી ગોશર,
• શ્રી જયંત ભવાનજી સોની • શ્રી ચિમનલાલ હીરજી ખોના,
• શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા • શ્રી કમલેશ મુલચંદ સોની,
• શ્રી બિપિન પાશ્વીર નાગડા • શ્રી તરૂણ ધનજી ધરમશી,
• શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા • શ્રીમતી માલતી હરીશ ધરમશી

**શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, મસ્જિદ બંદર**

**શ્રેષ્ઠિવર્ય શ્રી તરૂણભાઈ રતનશી લોડાયા, સાંચરા-ઉજ્જૈન**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી
# નૂતન જિનાલય જિર્ણોધ્ધારની શુભ શરૂઆત



ટ્રસ્ટ અને મહાજન દ્વારા અને ગુરૂ ભગંવતોના શુભ આશીર્વાદે જિર્ણોધ્ધારનું પ્રથમ ચરણ શિલાન્યાસ તથા પાયા વિધિ ખૂબ સુંદર રીતે પૂર્ણ થયેલ છે.

**તા. ૨૫-૧૦-૨૦૨૦ના દશેરા**ના શુભ દિવસે **માર્બલ શિલાનું કામ વિધિ વિધાન પૂર્વક** શરૂ થયેલ છે. મુંબઇ થી ટ્રસ્ટીગણ, મહાજન પદાધિકારીઓ અને કારોબારી સભ્યો તથા અન્ય મહેમાનોની હાજરીમાં શાંતિ સ્નાત્ર તથા શાંતિ કળશના વિધિ વિધાનમાં જિર્ણોધ્ધાર કમિટિના કન્વીનર શ્રી કીર્તિભાઇ હરીયા, ચેતનાબેન હરીયા, ભાવિક હરીયા, અવની હરીયા, કીના હરીયા, વનિતાબેન લોડાયા સાથે હાજર સકળ સંઘ અને ગામવાસીઓએ ઉમળકાભેર ભાગ લીધો. ચેતનાબેન હરીયાએ પોતાની કલાકૌશલ્યથી સંપૂર્ણ કાર્યક્રમને ધર્મમયસહ સંગીતમય બનાવી, કાર્યક્રમને જીવંત બનાવ્યો. જખૌના ટ્રસ્ટી શ્રી રાયચંદભાઇ જીવાણી, વરાડીયાના ટ્રસ્ટી શ્રી રતીલાલભાઇ મોમાયા અને દલતુંગીના ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઇ શિયાલ, વારાપધરથી શ્રી ભરતભાઇ વિકમશી પરીવાર, અ.સૌ. ગીતાબેન રાજેશ મૈશેરી તથા શ્રેય રાજેશ મૈશેરી તેમજ સ્થાનિકે ગઢવી સમાજના અગ્રણીઓએ આ પ્રસંગે ખાસ હાજરી આપેલ. સંપૂર્ણ વિધિ સોમપુરાજી તેમજ ચેતનાબેનના માર્ગદર્શન હેઠળ ધાર્મિક રીતે પૂર્ણ કરવામાં આવી.

ઉપસ્થિત સૌએ બપોરે સાધર્મિક ભક્તિનો લાભ આપ્યો. સમગ્ર કાર્યક્રમ રંગેચંગે સંપન્ન થયું.

# ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની ૬૦ દિવસીય અર્હમ મૌન સાધના તપસ્યાના પારણા ભવ્યતાથી થયા






શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન સાધનાકાર પ.પૂ.મુનિશ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિશ્રી ગુણવલ્લભજી સાગરજી મ.સા.ની ૬૦ દિવસીય અર્હમ મૌન સાધના તપસ્યાનું પારણુ તા. ૧ નવેમ્બર રવિવારના દિને સરકારશ્રી દ્વારા કોવિડ ૧૯ની અપાયેલ ગાઈડલાઈન્સનું પાલન કરી સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્ક અને સેનિટાઈઝર વિગેરેની તકેદારી રાખી વિશેષ આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવણી કરીને થયો.

અચલગચ્છ નાયક પ.પૂ.આચાર્ય કલાપૂભસાગર સૂરિજી મ.સા. વાસક્ષેપ મોકલી આશીર્વાદ પ્રદાન કર્યા. આ પાવન અવસરે તપાગચ્છ સ્થાનકવાસી અનેક સાધુ સાધ્વીજી ભગવંતોએ પત્ર દ્વારા શુભકામનાઓ પાઠવી હતી ગુરૂવધામણા ગુરૂપૂજન, ગુરૂપૂજા, પુસ્તક વિમોચન, ગુરૂ દેવના કેસર પગલિયે, ગુરૂદેવના પ્રથમ માંગલિક, પ્રથમ વાસક્ષેપ વિગેરેનો ગુરૂભક્તોને લાભ મળ્યો ગુરૂદેવના પારણનો લાભ રીતેન મણિલાલ ગાલા પરિવાર થાણાએ લીધો હતો. સહુનો ૨૦૦ રૂપિયાથી સંઘપૂજન અને વિશિષ્ટ પ્રભાવનાનો લાભ ગુરૂ ભક્તોએ લીધો.

આ મંગલ અવસરે ગુરૂદેવની પ્રેરણાથી જિનશાસનના વિવિધ સતકાર્યો કરવા હેતુથી શ્રી અનંત વલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપનાની ઉદ્‌ઘોષણા કરાઈ જેમાં અનેક પુણ્યશાળીઓએ લક્ષ્મીના સદ્ઉપયોગનો લાભ લીધો.

પ.પૂ.ગુરૂ ભગવંતનો ટુંકો છતાં માર્મિક પ્રવચન સૌના દિલોને સ્પર્શી ગયો. અનેક લોકોએ આજના દિવસે વિવિધ સંકલ્પ, નિયમ ગ્રહણ કરી જીવનને ધન્ય બનાવ્યો. પુણ્યવંત થાણાનગરી આજ ખરેખર પાવન થઈ. ગુરૂદેવની સાક્ષાત કૃપાલબ્ધિનો લાભ પામવાનો સૌએ અનુભવ કર્યો.





# નગરસેવિકા નેહલ શાહ (ખોના)ના પ્રયત્નોને મળ્યો યશ કચ્છ એક્સપ્રેસ ટ્રેન શરૂ કરાવવા મહત્વની ભૂમિકા આપી



તા.૮ નવેમ્બર રવિવારથી કચ્છ એક્સપ્રેસ હવે ભુજ-બાંદરા ટર્મિનસ-ભુજ વચ્ચે શરૂ કરવાની જાહેરાત રેલવે વિભાગ દ્વારા કરાઈ છે. દિવાળી તથા કાર્તિક પૂર્ણિમાના ભારે ઘસારાને અનુલક્ષી શ્રી કચ્છ પ્રવાસી સંઘ દ્વારા વધુ એક ટ્રેન શરૂ કરવા માટે માંગણી કરવામાં આવી હતી. જેના પગલે કચ્છ એક્સપ્રેસ ટ્રેન નં ૦૯૪૫૫૧૦૯૪૫૬ સ્પેશ્યલ ટ્રેન તરીકે દોડાવવાની રેલવે બોર્ડ એ મંજૂરી આપી છે.

માટુંગા (ઈસ્ટ) વોર્ડ નં.૧૭૭ ના કોર્પોરેટર નેહલ અમર શાહ ખોના એ પણ આ ટ્રેન શરૂ કરવા મહત્વની ભૂમિકા ભજવી હતી અને રેલવેપ્રધાન પીયૂષ ગોયલનો સંપર્ક કરી ટ્રેન શરૂ કરવા માટે આગ્રહ કર્યો હતો.

આ સ્પે.ટ્રેન ૦૯૪૫૬ કચ્છ એક્સપ્રેસ તા.૮ નવેમ્બરના ભુજથી રાતે ૮.૧૫ કલાક છૂટશે જે બીજે દિવસે ૧૧.૨૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. જ્યારે ટ્રેન ૦૯૪૫૫ તા.૯ નવેમ્બરથી રોજ સાંજે ૫.૪૫ કલાકે બાંદ્રા ટર્મિનસથી ઉપડી બીજા દિવસે સવારે ૮.૪૫ કલાકે ભુજ પહોંચશે. આ ગાડીમાં કુલ ૨૩ કોચ હશે. એવી માહિતી શ્રી કચ્છ પ્રવાસ સંઘ દ્વારા અપાઈ છે.

# રાયધણજર સંઘના જિનાલય પ્રાંગણમાં શરદ પૂર્ણિમાની રાતે વિશિષ્ટ જાપ સાથે ધર્મ આરાધનાઓ થઈ





શરદપૂનમની રળિયામણિ રાત્રીએ કચ્છ પ્રાંતના રાયધણજર સંઘમાં ૨૩૧ વર્ષથી અડીખમ રહેલ ઐતિહાસિક જિનાલયના પ્રાંગણમાં પરમપૂજ્ય સાધ્વીજી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં નમોથ્થુણમના ૧૦૮ જાપ તથા સરસ્વતી માતાના જાપ કરવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ વિશિષ્ટ ધર્મ આરાધના તથા જાપમાં ભાવથી જોડાયા હતા અને ધન્ય લાભ લીધો હતો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# તપોરત્ન પ.પૂ.મુશ્રી હ્રીંકાર સાગરજી મ.સા.ની ૯૭મી ઓળી તપના ભવ્યતાથી પારણા થયા







શ્રી ગૌતમ ગુણ વિહારતીર્થ પાલી-રાજસ્થાન સંઘમાં તા. ૧ નવેમ્બર રવિવાર દિને પ્રાતઃસમયે તપોરત્ન વયોવૃદ્ધ પ.પૂ. મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા.ની ૯૭મી ઓળી તપના પારણા થયા. ગુરૂગુણ કૃપાપાત્ર કચ્છ કોહિનૂર, મારવાડ રત્ન પ.પૂ. ગુરૂદેવ શ્રી કમલપ્રભાસાગરજી મ.સા.ની પુનિત નિશ્રામાં શાતાપૂર્વક પારણા મહોત્સવના પ્રથમ પારણાનો લાભ સંપતશ્રી મીણા-(અજૈન)ને મળ્યો. બીજો પારણા કરાવવાનો લાભ રમેશજી વડેરાને મળ્યો ત્યારબાદ આજની નવકારશીના લાભાર્થી સુમિત્રાબેન પ્રસન્નજી કેવલચંદ જૈન પરિવારને તપસ્વીમુનિશ્રીને વહેરાવ્યો. હેમાંગ ગાલા ૧૯મી ઓળી, મહેશ બોહરા ૧૦મી ઓળી, એવમ લક્ષ્મીબેન જૈન અષ્ટપદની ઓળી. આ ત્રણે તપસ્વીઓને મુનિશ્રીને વહોરવાનો લાભ પ્રાપ્ત થયો.

અંતે આ અવસરે ઉપસ્થિત સહુને સુપાત્ર દાનનો લાભ મળ્યો હતો. તપસ્વી મુનિ પૂજ્યશ્રી મ.સા.નું સંસારી નામ હીરાચંદભાઈ ભવાનજી ખોના નલિયા મુલુંડ. તપસ્વી સાધક મુનિશ્રીની સંઘ ખૂબ ખૂબ અનુમોદના કરે છે. તપસ્વીરત્નની અસીમ જય જયકાર હો.





# નિમિત નાગડા ગોલ્ડ મેડલ સાથે બી.ઈ.કેમિકલ એન્જિનિયરની ડિગ્રી પ્રાપ્ત કરી







મૂળ ગામ પરજાઉ હાલે તિરૂપુરના નિમિત-સ્મિતા સતિષ નાગડા જૂન ૨૦૧૯માં બી.ઈ.કેમિકલ એન્જિનિયરીંગની ડિગ્રી એસ.ડી.એમ.કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી ધારવાડ કર્ણાટકમાંથી ૧૦માંથી ૯.૬૭ ગુણાંક માર્ક મેળવી કોલેજ પ્રોજેક્ટમાં ફર્સ્ટ નંબરે આવી ગોલ્ડ મેડલ તથા કેમિકલ એન્જિનિયરીંગમાં કોલેજમાં દ્વિતીય સ્થાને આવી સિલ્વર મેડલ મેળવ્યું છે.



હાલે તેઓ આઈ.એમ.ડી.એસ. એ એન્જિનિયર તરીકે જોડાયેલ છે. શ્રીમતી પુષ્પાવંતીબેન હંસરાજ વેરશી નાગડા પરિવાર તેમના કુળદિપકની સિધ્ધિ માટે ગૌરવ અનુભવે છે.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



**લોડાયા પરિવાર**
**માતા - યાશિકા**
**પિતા - દિપમ**
**ગામ - વારા પધ્ધર**
**હાલ - ધુલીયા**
**જન્મ - ૨૧-૧૦-૨૦૨૦**

**ધ્રુવ**



**મોમાયા પરિવાર**
**માતા - ચાંદની**
**પિતા - જય**
**ગામ - સાંયરા**
**હાલ - હુબલી**
**જન્મ - ૨૬-૧૦-૨૦૨૦**



**સીઆન**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● દેવભાષા કહેવાતી સંસ્કૃત એ પ્રાચીન સમયથી ચાલી આવતી ભાષા છે. બહુધા જૂના ધર્મગ્રંથો સંસ્કૃત ભાષામાં આ લેખાયેલા છે. સંસ્કૃત શ્લોક અને સુભાષિતમાં ઘણું શીખવા જેવું છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આકર્ષણ અનુભવા વિદેશીઓ સંસ્કૃત ભાષા શીખે છે. બિદડાના અને મુલુંડમાં રહેતા છાયા અજય દેઢિયા સંસ્કૃત ભાષાના ચાહક છે અને તેનું શિક્ષણ વિનામૂલ્યે આપે છે. રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનમાંથી ડિગ્રી કોર્સ કર્યો છે. જ્યાં બધા જ વિષયો સંસ્કૃત ભાષામાં શીખવાય છે અને પરીક્ષાના પેપરો પણ સંસ્કૃતમાં જ લખવાના હોય છે. તે ઉપરાંત સંસ્કૃત ભારતીનો કોર્સ કર્યો છે. હાલમાં તેઓ પાણિનીનું વ્યાકરણ ભણે છે. દર મંગળવારે નિઃશુલ્ક સંસ્કૃત બોલવાના વર્ગ લે છે. જેમાં દસ બાર જણનું ગ્રુપ છે. તેમની બે દિકરીઓ અક્ષા અને રિયા પણ સંસ્કૃત શીખી છે. મોટી દીકરી તો સંસ્કૃત ભાષાના બાલ કેન્દ્રમાં શીખવે છે.

● કચ્છ તેના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસા માટે જાણીતું છે. અહીં વિવિધ સમુદાયો પોતાની કલા અને સંસ્કૃતિ સદીઓથી જીવંત રાખી છે. કચ્છમાં દાયકાઓથી કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ એ કલા અને કારીગરીના સંવર્ધન સંશોધન અને વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. હસ્તકલાઓ સાથે કાર્યરત, શ્રૃજન, કસબ, કલારક્ષા, ખમીર અને વી.આર.ડી.આઈ. જેવી સંસ્થાઓ સાથે મળીને કચ્છ ક્રાફ્ટ ક્લેક્ટિવની શરૂઆત કરી છે. કચ્છ ક્રાફ્ટ ક્લેક્ટિવ (કે.સી.સી.) એ આ હસ્તકળાઓની પાંચ સંસ્થાનો સંયુક્ત મંચ છે. તેનો ઉદ્દેશ કચ્છમાં દાયકાઓથી કાર્યરત સંસ્થાઓની શક્તિનો સુમેળ કરી તેમના વિવિધ પ્રયાસોમાં સંકલન કરી કચ્છી હસ્તકળાને નવી ઊંચાઈ પર લઈ જવાનો છે. આ સંસ્થાઓ સાથે હાલે આઠ હજારથી વધુ કારીગરો જોડાયેલા છે. કચ્છના મુખ્ય કેન્દ્ર ભુજમાં હસ્તકળા રસિકોને તમામ હસ્તકળાઓ જોવા, જાણવા અને સમજવા અને તેમના વેચાણ માટે જ્યુબિલી ગ્રાઉન્ડથી વી.ડી.હાઈસ્કૂલ તરફના રોડ પર શોરૂમની શરૂઆત કરાઈ છે.

● અમદાવાદ કાશીરામ અગ્રવાલ ભવનમાં ભુજની બે રઘુવંશી બહેનોની જોડીએ કોરોના વોરિયર્સ બનીને રેમ્પ વોક કરી વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. ભુજના ૧૭ બાળકો સાથે આ વર્લ્ડ રેકોર્ડ એક જ સિંગલ સ્ટેજ પર કોરોના વોરિયર્સ તરીકે રજૂ થયો હતો. આઠ વર્ષની પર્લ પરેશ અનમ સફાઈ કામદાર તરીકે જ્યારે ૧૨ વર્ષની ફેયા પરેશ અનમ સૈનિક કોરોના વોરિયર્સ તરીકે રેમ્પ વોકમાં વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા હતા.

● કચ્છી જૈન મહાજન અને આરતી પરિવાર દ્વારા કોરોનાના મહામારીને પગલે આવેલા લોકડાઉનના પગલે જેમની આવક બંધ થઈ ગઈ છે તથા નોકરી કરનારા પરિવારોને રાહત આપવા રૂા.૪૦ કરોડની ફાળવણી કરી છે. જૂનથી સપ્ટે. માસ સુધી દર માસે પાંચ હજાર પરિવારોને સાડા ત્રણ હજારથી રૂા. પાંચ હજારની સહાય કરવામાં આવી છે. આરતી પરિવારની એજ્યુકેશન સહાય પ્રવૃત્તિમાં દર વર્ષે સમાજના ૨૭૦૦ વિદ્યાર્થીઓને ૧૦ હાજરથી રૂા. બાર હજારની સહાય કરાય છે. કોલેજના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે કોમ્પ્યુટર શીખવાડાય છે. તો સમાજના વેપારીઓને બેંકમાંથી લોન અપાય છે. જેમાં લાભાર્થીને માત્ર ૩ ટકા વ્યાજ ભરવાનું રહે છે. બાકીના વ્યાજની રકમ મહાજન ભરે છે. બેંકનો વ્યાજ દર આઠથી નવ ટકાનો છે. કોઈ સંજોગોમાં બેંક લોન પાસ ન થાય તો મહાજન પાંચ લાખ સુધીની લોન આપે છે.

# હૈદ્રાબાદ-સિંકદરાબાદને કચ્છ સાથે જોડતી સીધી રેલવે સેવા શરૂ કરવા કેન્દ્રિય મંત્રીને વિનંતી પત્ર અપાયો



હૈદ્રાબાદની જાણીતી એવા સંસ્થા પ્રાણી મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન તથા અત્રેની અન્ય સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકારના ગૃહ રાજ્યમંત્રી તથા સિંકદ્રાબાદના સાંસદ જી.કિશન રેડીને દિલકુશ ગેસ્ટ હાઉસ, સોમાજીગુડામાં મુલાકાત કરી હૈદ્રાબાદ-સિંકદ્રાબાદથી ડાયરેક્ટ કચ્છને જોડતી સીધી રેલવે સેવા ભુજ અથવા ગાંધીધામ માટે શરૂ કરવા વિનંતી પત્ર આપ્યો હતો.

શાપત પત્ર આપનાર પ્રતિનિધિઓમાં જાગીરદાર ફાઉન્ડેશનના સંસ્થાપક સેક્રેટરી રિધ્ધિશ જાગીરદાર, કચ્છી કડવા પાટીદાર સમાજ અધ્યક્ષ કાંતિલાલ ગોરાણી મંત્રી હંસરાજ દડગા, કોષાધ્યક્ષ શામજીભાઈ પટેલ, ભાજપા અગ્રણી ઉત્તમસિંહ રાજપુરોહિત વિગેરે સામેલ હતા.

વિનંતી પત્ર કેન્દ્રમંત્રીને સોંપતા રિધ્ધિશ જાગીરદારે તેમને માહિતી આપી હતી કે કચ્છ ગુજરાતના અંદાજે પાંચ લાખ લોકો હૈદ્રાબાદ સિંકદ્રાબાદ તેમજ તેલંગાણા તથા આંધ્રપ્રદેશ રાજ્યમાં વસે છે. જેમાં જૈન, પટેલ, બ્રાહ્મણ, ગુર્જર વિગેરે સામેલ છે. જેઓને વ્યવહાર પ્રસંગોએ કે ધાર્મિક અનુષ્ઠાનોમાં જવા તથા કચ્છ પ્રદેશમાં વિવિધ પોર્ટ ઈન્ડસ્ટ્રીઝમાં કાર્ય કરતા તેલુગુ ભાષી શ્રમિકોને જવા આવવા તકલીફોનો સામનો કરવો પડે છે. ડાયરેક્ટ રેલવે સેવા ન હોતા ગંતવ્ય સ્થાને પહોંચવા વધુ યાત્રા ખર્ચ વહન કરવું પડે છે. આગામી બજેટમાં આ સુવિધા માટેની જાહેરાત કરાય તેનો આગ્રહ કર્યો હતો. આ અગાઉ અત્રેના સૌ કચ્છી સંગઠનોએ છેલ્લા ૧૫ વર્ષથી દરેક રેલવે મંત્રીઓને આવેદન પત્ર આપી આની માંગ કરી છે. ઉત્તમસિંહ રાજપુરોહિતએ મંત્રીશ્રીને કચ્છની સાથે બિકાનેર સાથે સીધી રેલવે સેવા શરૂ કરવા માટે નિવેદન કર્યુ હતું.

કેન્દ્રીય ગૃહરાજ્ય મંત્રીએ રેલવે મંત્રીને પત્ર લખી વહેલી તકે આ વિષે પગલાં લેવા આગ્રહ કર્યો હોવાનું જણાવ્યું હતું. આ માંગની પૂર્તિ અર્થે પોતે ભરપૂર પ્રયાસ કરશે એવું આશ્વાસન આપ્યું હતું.

## જીવન ઘટમાળ

• જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૧૦.૨૦૨૦ | વડોદરા | નિરવ મણિકાંત માણેકજી લોડાયા | લાલા | ૩૧ |
| | મુલુંડ | મીંજલ તારાચંદ કલ્યાણજી ધરમશી | મુલુંડ | ૨૮ |
| ૫.૧૧.૨૦૨૦ | અંધેરી | કરણ દેવકરણ હરખચંદ દંડ | તેરા | ૩૪ |
| | ભાંડુપ | દિપ્તી ચંદ્રકાંત નવીનચંદ્ર નાગડા | રંગપુર | ૩૦ |

• અંતરજ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૧૦.૨૦૨૦ | ભાગલપુર | અમન જયપ્રકાશ પુરોષોતમ કેડિયા | રાજેસ્થાન | ૨૬ |
| | પરેલ | જાહનવી ભરત પોપટલાલ દંડ | લુણી | ૨૩ |
| ૩૧.૧૦.૨૦૨૦ | કોલકત્તા | સિધ્ધાંત જતીન હરસુખલાલ શેઠ | માનકુઆ | ૨૫ |
| | કોલકાતા | રિધ્ધિ જયંત કલ્યાણજી ધુલ્લા | સુથરી | ૨૫ |
| ૦૧.૧૧.૨૦૨૦ | વિરાર | સમીર કુલીનકાંત લક્ષ્મીચંદ નાગડા | ખાવડી મોટી | ૩૩ |
| | ભિવંડી | આરાધના પંચરામ યાદવ | પીઠાપુર | ૩૩ |
| ૦૩.૧૧.૨૦૨૦ | મુલુંડ | ભાવિન ભરત ઠાકરશી લોડાયા | જખૌ | ૩૩ |
| | મુલુંડ | તેજલ હર્ષદરાય પોપટલાલ શાહ | કામરોલ | ૩૩ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**અમૃતલાલ ટોકરશી ધરમશી**
તા.૨ નવે. (ઉ.૭૭)
નાની ખાવડી-કલ્યાણ



**લેરીન વર્ધમાન ખોના**
તા.૬ નવે. (ઉ.૬૪)
સુજાપુર-પવઈ



**ચેતન ચંદુલાલ વોરા**
તા.૩ નવે. (ઉ.૫૫)
રંગપુર-ગોરેગામ



**કસ્તુરીબેન લખમશી ખોના**
તા.૬ નવે. (ઉ.૯૧)
વરાડીયા-ડોંબિવલી



**મધુ લક્ષ્મીચંદ ખોના**
તા.૨ નવે. (ઉ.૭૭)
રંગપુર



**ઉપા ઉમરશી મોતા**
તા.૧ નવે. (ઉ.૭૭)
વારા પધ્ધર - કાંદિવલી



**ધારિણી મહેશ કરણીયા**
તા.૬ નવે. (ઉ.૫૨)



**કલ્પનાબેન જવેરચંદ મૈશેરી**
તા.૪ નવે. (ઉ.૬૪)
બાંઢીયા-હૈદરાબાદ



**પુષ્પા પ્રવિણ છેડા**
તા.૧ નવે. (ઉ.૬૪)
સુજાપુર-ભાંડુપ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

# ભાવપૂર્ણ... આદરાંજલિ.. હૃદયાંજલિ







## સ્વ.લેરીન વી. ખોના

આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો, પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.
તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને મોક્ષગામી બને
એ જ ઈશ્વરને અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ બોર્ડ

### સેક્રેટરી જનરલ



નીશિથ એ. દંડ
૦૯૮૭૯૧૧૧૦૯૦

### મેનેજીંગ ટ્રસ્ટી



પ્રવિણ એચ. લોડાયા
૦૯૮૨૦૦૭૬૬૦૫



કિર્તી ડી. ધરમશી
૦૯૮૪૪૦૦૪૪૪૫

### ટ્રસ્ટી



અરવિંદ એલ. લોડાયા
૦૯૮૨૫૮૩૪૬૪૯



બિપીન પી. નાગડા
૦૯૩૨૩૬૨૫૦૦૦



ચેતનકુમાર કે. મોમાયા
૦૯૩૨૪૦૫૮૪૧૪



ચેતન એસ. મુનવર
૦૯૪૪૮૦૭૦૧૯૪



દેવાંગ ખોના
૦૯૭૬૭૯૧૧૭૭૭



હંસ બી. ખીમજી
૦૯૮૨૦૦૩૫૧૧૮



જયંત વી. છેડા
૦૯૩૨૨૨૫૭૭૩૧



લક્ષ્મીચંદ એલ. પોલડીયા
૦૯૯૩૦૦૦૮૩૩૯



મુલચંદ પી. મોતા
૦૮૦૮૯૧૨૫૨૦૯



મોનિલ ધરમશી
૦૯૮૪૯૦૨૨૮૮૮



નિલેશ એમ. પોલડીયા
૦૯૯૨૫૮૬૩૬૮૦



રાજેન્દ્ર એમ. ખોના
૦૯૩૨૨૨૫૭૧૯૧



રાજેશ જી. મોમાયા
૦૯૮૮૪૧૪૯૪૯૪



રાજેશ કે. ધરમશી
૦૯૯૨૫૦૩૮૮૯૬



રાજેશ આર. છેડા
૦૯૮૨૦૨૨૬૮૭૩



વીણાબેન વી. નાગડા
૦૯૮૨૦૪૨૧૭૧૭

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO